Extra No. 128

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, MAY 06, 2026 / VAISAKHA 16, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમમ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

ને.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૮૫/૨૦૨૬.-નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક આણંદના પત્ર નં. મુ.મ/ટ્રાફીક/જાહેરનામા/૬૯૩/૨૦૨૬ તા. ૧૫/૦૪/૨૦૨૬ થી મળેલ દરખાસ્ત મુજબ આણંદ શહેર તથા વિદ્યાનગર શહેર વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ અંગે ટ્રાફીકની સરળતા અને સુચારૂ ટ્રાફીક માટે નીચે મુજબના સ્થળો “નો પાર્કિંગ ઝોન", "વન-વે","વાહન પાર્કીંગ", "ભારે વાહન પ્રવેશ બંધ" જાહેર કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક આણંદના ઉકત પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૨૧/૦૪/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ (દિન-૬૦) સુધી નીચે જણાવેલ સ્થળો “નો પાર્કિંગ ઝોન","વન-વે", "વાહન પાર્કીંગ","ભારે વાહન પ્રવેશ બંધ” જાહેર કરવા હુકમ કરૂ છું.

વાહન પાર્કિંગ એકી-બેકી પાર્કિંગ :-

(૧) ગુરૂદ્વારા સર્કલ થી ડી-માર્ટ, તુલસી ગરનાળા સુધી ફોર વ્હીલ વાહનો પાર્ક થઈ શકશે.

(૨) મોટી શાક માર્કેટ તરફના રોડ ઉપર ટુવ્હીલર પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૩) રેલ્વે સ્ટેશનનાં બહાર નિકળવાના ગેટ પાસે રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૪) નવા બસ સ્ટેશનના ખુલ્લા ગેટની સામેના રોડ ઉપર વાહન પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૫) બેઠક મંદિરવાળા રોડ ના કોર્નરમાં રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૬) નવા બસ સ્ટેશનના ગેટની સામેના ભાગે આવેલ સરદાર બાગની દિવાલને અડીને રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૭) રેલ્વે ગોદી થી ગામડી વડસુધીનો રોડ (એકી-બેકી પાર્કીંગ)

(૮) શાસ્ત્રી મેદાનથી એન. એસ. પટેલ સર્કલ સુધી (એકી-બેકી પાર્કીંગ)

નો પાર્કિંગ ઝોન :-

(૧) ટુંકી ગલી સુપર માર્કેટના બંન્ને તરફના રોડ ઉપર કોઈપણ વાહન પાર્ક કરવા નહી.જે (નો-પાર્કીંગ ઝોન જાહેર કરવું)

(૨) રેલ્વે સ્ટેશન જુના દાદરથી ૫૦ મીટર વિસ્તાર.

(૩) ગુજરાતી ચોક આસપાસ ૫૦ મીટર વિસ્તાર

(૪) રેલ્વે ગોદીના દરવાજાની બહાર રોડ ઉપર ૫૦ મીટર વિસ્તાર.

(૫) રેલ્વે ગોદીની બહાર નિકળતા વીટકોસ બસ સ્ટેન્ડ સુધી ૫૦ મીટર વિસ્તાર.

(૬) નવા બસ સ્ટેશનના બંન્ને દરવાજાની બહાર ૫૦ મીટર વિસ્તાર,

(૭) નગરપાલિકા સરકારી દવાખાના દરવાજાની બહારનો ૫૦ મીટર વિસ્તાર,

(૮) અમુલ ડેરી ખાતે આવેલ પાર્લરના આગળના ૫૦ મીટર વિસ્તારમાં ફોર વ્હીલ વાહન પાર્ક થઈ શકશે નહી.

(૯) મોટી શાક માર્કેટના દરવાજાની બહારના રોડ ઉપર ફોર વ્હીલ પાર્ક થઈ શકશે નહીં.

ભારેવાહન પ્રવેશ બંધ :-

(૧) મહેન્દ્ર શાહ થી ગુજરાતી ચોક તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો

(૨) એન.એસ.સર્કલ થી લક્ષ્મી ચોકડી તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૩) રઘુવીર સીટી સેન્ટર થી કોમ્યુનીટી હોલ તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૪) દિપ સર્કલથી બેઠક મંદિર તથા કલ્પના સીનેમા તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૫) નવા બસ સ્ટેન્ડ થી બેઠક મંદીર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૬) લોટીયા ભાગોળ સર્કલ થી ટાવર બજાર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૭) અમુલ ડેરી સર્કલ થી રેલ્વે સ્ટેશન તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

સમય :- સમય સવારના ૦૯,૦૦ થી ૨૦,૦૦ રાત્રિના કલાક દરમ્યાન

અપવાદ :- સરકારી વાહનો, પ્રવાસી બસ, એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન, વન-વે ઝોન, એકી-બેકી તથા નો પાર્કિંગ ઝોનવાળા સ્થળોએ બોર્ડ લગાવવાની અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છું.

આજ તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૭/૨૦૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, આણંદના તા.૦૪/૦૪/૨૦૨૬ ની અરજીથી રાસ વિરસદ રોડ કી.મી. ૦/૦૦ થી ૯/૭૫૦ (પ્રપોઝડ વર્ક - રીસર્ફેસીંગ, પ્રોટેશન વોલ, રોડ ફર્નીચર, ફુટપાથ, સ્ટ્રીટ લાઈટ એન્ડ અધર મીસીલીનીયસ વર્ક) ની કામગીરી કરવામાં આવનાર હોય, ઉકત કામગીરી દરમ્યાન ભારે/મધ્યમ પ્રકારના વાહનની અવારજવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, બોરસદે તેમના તા.૨૧/૦૪/૨૦૨૬ના પત્ર નં.પીઓએલ/વશી/૧૯૨/૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.સીબી-૫/ડાયવર્ઝન/જાહેરનામું/૭૭૩૪/૨૬, તા.૧૮/૦૪/૨૦૨૬ થી વૈકલ્પિક માર્ગ સાથે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૨૩/૦૪/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ સુધી વિરસદ રોડ બંધ કરી ઉક્ત સમયગાળા દરમ્યાન ભારે/મધ્યમ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરું છું.

હયાત રૂટઃ-

રાસ વિરસદ રોડ કી.મી.૦/૦૦ થી ૯/૦૦

વૈકલ્પિક માર્ગઃ-

રાસ થી વિરસદ તરફ જતાં ભારે/મધ્યમ પ્રકારના વહનો રાસ થી દિલ્લી ચકલા થી જંત્રાલ થઈ વિરસદ તરફ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:49:52 IST